| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૩ | ૦૨ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | : | ૧૩ | ૦૨ | ૨૦૨૬ |
| **ફેસલ તારીખ** | : | ૧૭ | ૦૭ | ૨૦૨૬ |
| સમયગાળો | : | <u>વર્ષ</u><br>૦૦ | <u>માસ</u><br>૦૫ | <u>દિવસ</u><br>૦૪ |

*****************************************************

**શંખેશ્વરના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુ. શંખેશ્વર.**

*****************************************************

**ક્રિમીનલ કેસ નંબર : ૧૦૧/૨૦૨૬**

**આંક :**

**<u>ફરીયાદી</u> :–** **શ્રી સરકાર.....**

**–:: <u>વિરુદ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** **ઠાકોર રાણાજી પુનાજી રાજાજી, ઉ.વ.૭૦,**
**રહે.ફતેગંજ, તા.શંખેશ્વર, જી.પાટણ.**

**ગુન્હો : પ્રોહી. એકટની કલમ–૬૫(એફ) મુજબ...**

––––––––––––––––––––––––––––––––––––

ફરીયાદ પક્ષે : વિ.એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ
આરોપી પક્ષે : વિ. વકીલ શ્રી આર.એચ.ઠકકર

––––––––––––––––––––––––––––––––––––

## <u>–: ચુકાદો :–</u>

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭/૧૫ વાગે ફતેગંજ ગામે પોતાના કબ્જા ભોગવટાના કુંડલુ નામના

ઓળખાતા ખેતરના ઉતર દિશાના શેઢા પાસે કચરાના ઉકરડામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ આશરે લીટર–૧૦, કિં.રૂા.૨૫૦/–નો માટલામાં રાખી પ્રોહી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુનો કરેલ હોવા અંગેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે શંખેશ્વર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૭૦૦૨૨૫૦૫૩૯/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ (એફ) મુજબના ગુના અંગેનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, તેને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ તથા આરોપી વિરુધ્ધમાં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક–૦૫ થી ફરમાવી, આરોપીની આંક–૦૬ થી જુબાની નોંધવામાં આવેલ, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| અનુ. નંબર | મૌખિક પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧ | ફરીયાદી સરતાનભાઇ ચુંડાભાઈની જુબાની | ૦૮ |
| ૨ | પંચ સાહેદ સોંડાજી સેંધાજી ઠાકોરની જુબાની | ૧૦ |
| ૩ | સાહેદ નરેશકુમાર પરબતભાઇ ચાવડાની જુબાની | ૧૨ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| અનુ. નંબર | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | પંચનામું | ૧૧ |

(૪) ફરીયાદ પક્ષનો રેકર્ડ ઉપરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાનો ઈન્કાર કરેલો છે અને આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનુ અને પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ સદરહું કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી તરફે તેમના વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળી.

(૫) ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની જોગવાઈને ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

**મુદ્દા નં.–(૧)** શું કરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭/૧૫ વાગે ફતેગંજ ગામે પોતાના કબ્જા ભોગવટાના કુંડલુ નામના ઓળખાતા ખેતરના ઉતર દિશાના શેઢા પાસે કચરાના ઉકરડામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ ગાળવાનો વોશ આશરે લીટર–૧૦, કિં.રૂા.૨૫૦/–નો માટલામાં રાખી પ્રોહી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુજરાત પ્રોહી.

એકટની કલમ–૬૫ (એફ) મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.–(૨)** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.
મુદ્દા નં. – (૧) નકારાત્મક,
મુદ્દા નં. – (૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>–: નિર્ણયના કારણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા</u> :–**

**(૭.૧)** હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદી સરતાનભાઈ ચુંડાભાઈને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૧૨/૨૫ ના રોજ તેઓ તથા નરેશકુમાર લોલાડા ઓ.પી. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફતેગંજ ગામ પાસે કાચા રસ્તા પર આવતા બાતમી મળેલ કે ઠાકોર રાણાજી પુનાજી, રહે. ફતેગંજ વાળો કુંડલુ નામના ખેતરે દેશી દારૂ બનાવે છે અને વેચાણ કરે છે જેથી નજીકમાંથી બે પંચો બોલાવી સદર જગ્યાએ જતાં એક માટલુ જમીનમાં દાટેલુ જણાયેલ જેનુ પ્રવાહી જોતાં દેશી દારૂ ગાળવાનો વોશ હોવાનુ જણાયેલ, જેમાંથી મુદામાલ સેમ્પલ અર્થે કાઢી પંચોની તથા સાથેના સાહેબની સહી કરેલી કાપલીઓ લગાવી બાકીનો મુદામાલ સ્થળ પર નાશ કરેલ, બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ બતાવવામાં આવતા જેમાં તેમની સહી છે જે ઓળખે છે, જે ફરીયાદ આંક–૦૯ થી રજુ કરેલ છે.

ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલીકીનો કોઇ આધાર પુરાવો મેળવેલ નથી કે કોઇ

રેવન્યુ અધિકારીને હાજર રાખી ખરાઈ કરેલ નથી તેમજ રેડ કરી ત્યારે આરોપી હાજર ન હતો.

(૭.૨) ત્યાર બાદ હાલના કામે ફરીયાદપક્ષ તરફે પંચ સાહેદ સોંડાજી સેંધાજી ઠાકોરને આંક–૧૦ થી તપાસેલ છે. જે આંક–૧૧ ના પોલીસ રેઈડ દરમ્યાનના પંચનામાના પંચ છે, પરંતુ તેઓની જુબાનીથી સદરહુ પંચનામાની હકીકતને કોઈ સમર્થન મળતુ નથી અને તેઓની એક તૈયાર કાગળમાં સહી લીધેલી, તેમા શું લખેલ તેની તેમને ખબર નથી અને પોલીસે તેઓની હાજરીમાં કોઇ દારૂ પકડેલ નથી અને માત્ર આંક–૧૧ ના પંચનામામાં તેઓની સહી હોવાનું જ જણાવેલ છે. આ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ તેઓની ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ સદરહુ પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવતા નથી. આ પંચ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી લીધેલી, બનાવ બાબતે કોઈ જાત માહીતી નથી અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલ પકડેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૭.૩) ત્યાર બાદ હાલના કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નરેશકુમાર પરબતભાઈ ચાવડાને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૧૨/૨૫ ના રોજ તેઓ તથા સરતાનભાઈ લોલાડા ઓ.પી. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફતેગંજ ગામ પાસે કાચા રસ્તા પર આવતા બાતમી મળેલ કે ઠાકોર રાણાજી પુનાજી, રહે. ફતેગંજ વાળો કુંડલુ નામના ખેતરે દેશી દારૂ બનાવે છે અને વેચાણ કરે છે, જેથી નજીકમાંથી બે પંચો બોલાવી સદર જગ્યાએ જતાં એક માટલુ જમીનમાં દાટેલુ જણાયેલ જેનુ પ્રવાહી જોતાં દેશી દારૂ ગાળવાનો વોશ હોવાનુ જણાયેલ, જેમાંથી મુદામાલ સેમ્પલ અર્થે કાઢી પંચોની તથા તેમની સહી કરેલી કાપલીઓ લગાવી બાકીનો મુદામાલ સ્થળ પર

નાશ કરેલ, બનાવ બાબતે સાથેના સરતાનભાઈ એ ફરીયાદ આપેલી, તેઓએ ઇ–સાક્ષ્યકરણ કરી પંચનામુ કરેલ.

સદર સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાની માલીકીનો કોઇ આધાર પુરાવો મેળવેલ નથી કે કોઇ રેવન્યુ અધિકારીને હાજર રાખી ખરાઈ કરેલ નથી તેમજ રેડ કરી ત્યારે આરોપી હાજર ન હતો.

(૮) ફોજદારી કેસોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરીયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

હાલના કેસમાં ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એફ) હેઠળનો ગુનો સાબિત કરવા માટે ફરિયાદી સરતાનભાઈ ચુંડાભાઈ, પંચ સાહેદ સોંડાજી સેંધાજી ઠાકોર તથા સાહેદ નરેશકુમાર પરબતભાઈ ચાવડાની મૌખિક જુબાનીઓ તેમજ ફરિયાદ અને પંચનામું જેવા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. સમગ્ર પુરાવાનું સંકલિત અને તટસ્થ મૂલ્યાંકન કરતાં સૌપ્રથમ નોંધવું જરૂરી બને છે કે ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ બાતમીના આધારે કરવામાં આવેલ રેઈડ અને તે દરમિયાન મળી આવેલ કથિત વોશ ઉપર આધારિત છે. રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવા મુજબ બનાવના સ્થળેથી માત્ર એક માટલુ મળી આવેલ હોવાનું જણાવવામાં આવ્યું છે, પરંતુ તે સમયે આરોપી સ્થળ ઉપર હાજર હોવાનું કે તે મુદામાલનો વાસ્તવિક કબજેદાર હોવાનો કોઈ પ્રત્યક્ષ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

ફરીયાદી સરતાનભાઈ ચુંડાભાઈએ તેમની જુબાનીમાં

જણાવ્યું છે કે બાતમીના આધારે તેઓ તથા અન્ય પોલીસ કર્મચારીઓ ફતેગંજ ગામે કુંડલુ નામના ખેતર ખાતે પહોંચ્યા હતા, જ્યાં જમીનમાં દાટેલું એક માટલું મળી આવ્યું હતું. તેમાં રહેલું પ્રવાહી દેશી દારૂ ગાળવાનો વોશ હોવાનું જણાતા તેનો નમૂનો લેવામાં આવ્યો હતો તથા બાકીના વોશનો સ્થળ ઉપર નાશ કરવામાં આવ્યો હતો. તેમની જુબાની પ્રથમ દ્રષ્ટિએ પોલીસ કાર્યવાહીની હકીકત દર્શાવે છે. પરંતુ તેમની ઉલટતપાસ દરમિયાન તેમણે સ્વીકાર્યું છે કે જે સ્થળેથી વોશ મળી આવ્યો તે જમીન આરોપીની માલિકીની કે કબ્જાની હતી તે અંગે કોઈપણ પ્રકારનો આવક રેકોર્ડ, ૭/૧૨ ઉતારો, હક્કપત્રક, ગામના તલાટી અથવા અન્ય રેવન્યુ અધિકારી દ્વારા કોઈ ચકાસણી કરવામાં આવી નહોતી. આ સ્વીકાર અત્યંત મહત્વનો છે, કારણ કે જ્યારે આરોપી સ્થળ ઉપર હાજર ન હોય ત્યારે સ્થળ અને આરોપી વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવો ફરીયાદ પક્ષની ફરજ બને છે. આ બાબતે કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. ફરીયાદીએ વધુમાં સ્વીકાર્યું છે કે રેડ દરમિયાન આરોપી સ્થળ ઉપર હાજર નહોતો. તેથી આરોપી વોશ તૈયાર કરતો હતો, તેનો કબજેદાર હતો અથવા તે સ્થળે તેનો વાસ્તવિક કબજો હતો તેવી હકીકત સીધી રીતે પુરવાર થતી નથી. માત્ર બાતમીના આધારે આરોપીનું નામ દર્શાવવું પૂરતું નથી, જ્યાં સુધી તેને સમર્થન આપતો અન્ય સ્વતંત્ર પુરાવો ઉપલબ્ધ ન હોય. વધુમાં પંચ સાહેદ સોંડાજી સેંધાજી ઠાકોર આ કેસના અત્યંત મહત્વના સ્વતંત્ર પંચ સાહેદ છે, કારણ કે પંચનામાની વિશ્વસનીયતા તેમના પુરાવા ઉપર આધારિત રહે છે. પરંતુ તેમની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે તેમની હાજરીમાં પોલીસે કોઈ મુદ્દામાલ પકડ્યો નહોતો, તેમને તૈયાર કાગળમાં માત્ર સહી કરાવવામાં આવી હતી તથા પંચનામામાં શું લખેલું હતું તેની તેમને જાણ નહોતી. ફરીયાદ પક્ષે તેમને ફરી ગયેલા જાહેર કરીને

ઉલટતપાસ કરી હોવા છતાં તેઓ પંચનામાની કાર્યવાહી અથવા જપ્તીની હકીકતને સમર્થન આપે તેવી કોઈ વાત સ્વીકારતા નથી. આમ પંચનામાને સ્વતંત્ર સાક્ષીનું લેશમાત્ર સમર્થન મળતુ નથી તેથી તેની વિશ્વસનીયતા ઉપર ગંભીર શંકા ઊભી થાય છે. ત્યાર બાદ ત્રીજા સાહેદ નરેશકુમાર પરબતભાઈ ચાવડાએ ફરીયાદીની હકીકતને સમર્થન આપ્યું છે. તેમણે પણ બાતમી, રેડ, માટલામાંથી વોશ મળવો, સેમ્પલ લેવો અને પંચનામું કરવાની કાર્યવાહી અંગે જુબાની આપી છે. પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદીની જેમ જ મહત્વપૂર્ણ સ્વીકાર કરવામાં આવ્યો છે કે બનાવનું સ્થળ આરોપીના કબ્જા અથવા માલિકીનું હોવાનું સાબિત કરતો કોઈ દસ્તાવેજ મેળવવામાં આવ્યો નહોતો, કોઈ રેવન્યુ અધિકારીને બોલાવવામાં આવ્યા નહોતા અને રેડ દરમિયાન આરોપી સ્થળ ઉપર હાજર નહોતો. તેથી બંને પોલીસ સાહેદોની જુબાનીમાં રહેલા આ સ્વીકારો ફરીયાદ પક્ષના કેસને નબળો બનાવે છે.

વધુમાં દસ્તાવેજી પુરાવા તરીકે માત્ર ફરીયાદ અને પંચનામું રજૂ કરવામાં આવ્યા છે. ફરીયાદ તો ગુનો નોંધાવવાનો આધાર છે અને તે સ્વતંત્ર પુરાવો નથી. પંચનામું પણ ત્યારે જ વિશ્વસનીય ગણાય જ્યારે તેનો પંચ સાહેદ તેને સમર્થન આપે. હાલના કેસમાં પંચ સાહેદે પંચનામાની કાર્યવાહીનો ઈન્કાર કર્યો હોવાથી પંચનામાનું પુરાવાકીય મૂલ્ય નોંધપાત્ર રીતે ઘટી જાય છે. આ કેસમાં તપાસ અધિકારીએ આરોપી અને સ્થળ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવા માટે કોઈ રેવન્યુ દસ્તાવેજ, ૭/૧૨ ઉતારો, ગામ નમૂનો નં.૮, માલિકીનો દાખલો અથવા સ્થળનો કબ્જો દર્શાવતો અન્ય કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કર્યો નથી. જ્યારે આરોપી સ્થળ ઉપર હાજર નહોતો ત્યારે આ પ્રકારનો પુરાવો અત્યંત જરૂરી હતો. આ તપાસની ગંભીર ખામી છે.

વધુમાં ચાર્જશીટ જોતા તપાસ અધિકાર દ્વારા બનાવ સ્થળની માલિકી કે કબજા અંગે કોઈ તપાસ કરવામાં આવેલ નથી

તથા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તપાસ અધિકારીની આ તપાસની ગંભીર ખામીઓ તરફ નિર્દેશ કરે છે. જો ખરેખર આરોપી સ્થળ ઉપર દેશી દારૂ ગાળવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોત તો તપાસ દરમિયાન સ્થળની માલિકી, કબજો, સ્થાનિક લોકોના નિવેદનો અથવા અન્ય સંજોગી પુરાવાઓ એકત્રિત કરવાના રહેતા હતા. પરંતુ આવી કોઈ તપાસ થયેલ હોવાનું રેકર્ડ પરથી જણાતું નથી. વધુમાં ફરીયાદ પક્ષના કેસની વધુ એક ગંભીર ખામી એ છે કે કથિત વોશનું એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી, પરિણામે કબજે કરાયેલ પ્રવાહી ખરેખર દેશી દારૂ ગાળવાનો વોશ હતો કે નહીં તે બાબત વૈજ્ઞાનિક રીતે સાબિત થતી નથી. માત્ર પોલીસ અધિકારીઓના અનુભવ અથવા સુંઘીને આધારે આપવામાં આવેલ અભિપ્રાયને વૈજ્ઞાનિક પુરાવાનો વિકલ્પ ગણાવી શકાય નહીં. જ્યારે ગુનાનું મૂળ તત્વ જ કથિત વોશનું હોવું છે ત્યારે તેની વૈજ્ઞાનિક પુષ્ટિનો અભાવ ફરિયાદ પક્ષના કેસમાં ગંભીર શંકા ઊભી કરે છે.

(૯) આ કામે **<u>સતીશ મેહરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૯૬(૩) કાઈમ્સ ૮૫</u>** ના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્તાપિત કુરેલા સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ઔપચારિકતા પુરી કરવાની જરૂર નથી અને વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે,

***"When the Judge is fairly certain that, there is no prospect of case ending in conviction, the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."***

ફોજદારી ન્યાયશાસ્ત્રનો સ્થાપિત સિદ્ધાંત એવો છે કે આરોપીને દોષિત ઠેરવવા માટે ફરિયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકાથી પર નિઃશંકપણે સાબિત કરવો આવશ્યક છે અને જો પુરાવામાંથી બે સંભવિત દૃષ્ટિકોણ ઊભા થતા હોય તો આરોપીને અનુકૂળ દૃષ્ટિકોણ સ્વીકારવાનો રહે છે. હાલના કેસમાં આરોપી બનાવ સ્થળે હાજર હતો તે સાબિત થયેલ નથી, મુદામાલ આરોપીના કબજામાંથી મળ્યો નથી જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. સ્થળની માલિકી અથવા કબજો આરોપીનો હોવાનું દર્શાવતો કોઈ પુરાવો નથી, કોઈ સ્વતંત્ર સાહેદનું સમર્થન ઉપલબ્ધ નથી અને કથિત વોશ અંગેનો એફ.એસ.એલ. અહેવાલ પણ રજૂ થયેલ નથી. પરિણામે આરોપી અને કથિત ગુનાકીય મુદામાલ વચ્ચેની આવશ્યક કડી સંપૂર્ણપણે ગેરહાજર છે. તેમજ તમામ સાહેદો પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતા અને હિત ધરાવતા સાહેદો છે, તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં સદર રેઈડ વાળ જગ્યા કોની માલીકીની હતી તેનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે, તેમ છતાં તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરીયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે.

આમ, આ કામે ફરીયાદ પક્ષના પુરાવાને વંચાણે લેતા ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આરોપી વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે પૂરતો અને વિશ્વસનીય નથી. ફરિયાદ પક્ષનો કેસ અનુમાન અને શંકા ઉપર આધારિત જણાય છે, જ્યારે ફોજદારી કાયદામાં માત્ર શંકાના આધારે દોષારોપણ શક્ય નથી. પુરાવાની જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો

હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે તે ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોઈ ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ::–</u>**

૧. આ કામના આરોપી **ઠાકોર રાણાજી પુનાજી રાજાજી,** રહે.ફતેગંજ, તા.શંખેશ્વર, જી.પાટણ વાળાને બી.એન.એસ.એસની કલમ–૨૭૧(૧) અન્વયે તેઓની સામેના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એફ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તર્ફે અગાઉ રજુ થયેલ જાત મુચરકા તથા જામીનખત રદ્દ કરવામાં આવે છે.

૪. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબ આરોપીએ રૂા.૧૫,૦૦૦/– નો જાત મુચરકો તથા તેટલી જ રકમના સદ્ધર જામીન રજુ કરવા.

**આ હુકમ આજ તા.૧૭, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૭/૦૭/૨૦૨૬ **(કૌશિકભાઈ બાબુભાઈ મકવાણા)**

મુ.શંખેશ્વર, જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

શંખેશ્વર

જજ કોડ નં.જી.જે.૦૧૪૩૦

Steno: R.P.Kamejaliya